For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# વરસાદની લાંબી મોસમ બાદ હવે શિયાળો નહીં જામતાં શાકભાજીનાં ભાવ આસમાને

**ભારે** વરસાદને પગલે શાકભાજીનું ઓછું ઉત્પાદન અને લગ્નસરાની લાંબી સિઝન જોતાં ભાવો હજી વધવાની શક્યતા



**1 નવેમ્બરે** ઊંધિયાની પાપડીનો ભાવ હોલસેલમાં સીધો 5000 - 10,000 હતો, સપ્લાય વધતા રવિવારે 2500થી 4000 રૂપિયા બોલાયો

સુરતઃ શિયાળો નહીં જામતાં શાકભાજીનાં ભાવો ઓછા થઈ રહ્યાં નથી. બીજી તરફ ભારે વરસાદ અને ક્લાઈમેટ ચેન્જની અસરને લીધે શાકભાજીનું ઓછું ઉત્પાદન અને લગ્નસરાની લાંબી સિઝન જોતાં ભાવો હજી વધશે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. તુવેરના ભાવ એક મહિના પહેલાં 20 કિલોના 1200 થી 1400 રૂપિયા હતા, એ આજે રવિવારે 1200 થી 1500 રહ્યાં હતાં. ભિંડાનો ભાવ 500/600 હતો, એ આજે 500/700 રહ્યો હતો. આદુનો ભાવ 800/1500 હતો, એ આજે 1000 થી 1900 રૂપિયા, ગાજરનો ભાવ 500/600 હતો તે આજે 800 થી 1000 થયો હતો. કોબીનો ભાવ એક મહિના પેહલા 460/560 હતો જે આજે 460/520 અને વાલોડ

અનુસંધાન પાના ૫ પર

**મહિનામાં ભાવમાં થયેલા ફેરફાર**

| | તા. 10/10/2024 | 10/11/2024 |
|---|---|---|
| તુવેર | 1200-1400 | 1200-1500 |
| પાપડી | 2000-3000 | 2500-4000 |
| વટાણા | 2500-3000 | 2400-2600 |
| ભીંડા | 500-600 | 500-700 |
| ગવાર | 1000-1300 | 1200-1500 |
| મરચા | 1000-1200 | 500-700 |
| આદુ | 800-1500 | 1000-1900 |
| લીંબુ | 1200-1600 | 800-1200 |
| ટામેટા | 800-1400 | 500-600 |
| ગાજર | 500-600 | 800-1000 |
| કોબી | 460-560 | 460-520 |
| ફ્લાવર | 1000-1200 | 800-1000 |
| વાલોડ | 500-600 | 800-900 |

**રેલવે તંત્ર ગમે એટલા બણગાં ફૂંકે, સુરતમાં પરપ્રાંતિયોને વતન પહોંચવાના હજુ**

# દિવાળીમાં વતન પહોંચી નહીં શકનારા યુપી-બિહારના શ્રમિકો ઉધના રેલવે સ્ટેશને ઉમટી પડતાં અફરાતફરી

**અચાનક** 8000થી વધુ લોકો ઉમટી પડતાં પોલીસ દોડતી થઈ ગઈ, વ્યવસ્થા જાળવવામાં તંત્રએ પરસેવો પાડવો પડ્યો

**તમામને** હોલ્ડિંગ એરિયામાં ખસેડાયા, ટીસીની ટીમો ઉતરી પડી અને જેમની કન્ફર્મ ટિકિટ હતી તેમને જ પ્રવેશ અપાયો

સુરતઃ ઉત્તર ભારત માટે સુરતથી ઓછી ટ્રેન કનેક્ટિવિટીનાં અભાવે હજારો ઉત્તર ભારતીય શ્રમિક પરિવારના લોકો દિવાળી વેકેશન માટે યુપી, બિહાર, ઝારખંડ વતને પહોંચી શક્યા નથી. આજે રવિવારે 8000 લોકો ઉધના રેલવે સ્ટેશને ભેગા થઈ જતાં તેમને સમજાવીને પરત મોકલવા તંત્રને પરસેવો પાડવો પડ્યો હતો.

ઉધના રેલવે સ્ટેશન ખાતે છઠ્ઠ પૂજા પહેલા હજારો શ્રમિક પરિવારનાં લોકો ટ્રેન પકડી યુપી-બિહાર પહોચવામાં સફળ રહ્યા છે. જો કે ઉધના સ્ટેશને આજે સવારે 8 વાગ્યાથી મુસાફરોની સંખ્યા અચાનક વધી ગઈ હતી. 8000થી વધુ પ્રવાસીઓથી ઉધના સ્ટેશન ઉભરાઈ જતાં રેલવે, આરપીએફ અને જીઆરપી પોલીસ તંત્રને અને રિઝર્વ ટિકિટ લઈને આવેલા પેસેન્જરોને સ્ટેશન બહાર કાઢતા પરસેવો વળી ગયો હતો. જેમની પાસે કન્ફર્મ રિઝર્વેશન ટિકિટ હતી તેમને ટ્રેન સુધી જવા દેવામાં આવ્યા હતા અને જેમની પાસે રિઝર્વેશન ટિકિટ ન હતી એમને બહાર કાઢવામાં આવ્યા હતા.

છઠ્ઠ પૂજાના પર્વને લઈને મોટી સંખ્યામાં યુપી-બિહારના કામદારો પોતાના પરિવાર સાથે વતને પહોંચ્યા હતા. રેલવે મંત્રીએ પોતે ટ્વિટ કરી માહિતી આપી હતી કે, એક દિવસમાં સુરત નજીક ઉધના જંક્શન રેલવે સ્ટેશનથી 31,000 લોકોને ટ્રેન મારફતે વતન મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

હવે આગામી 11 તારીખ નવેમ્બર 2024થી યુપી, બિહાર અને ઝારખંડથી કારીગરોને પરત લાવવા માટે વિશેષ ટ્રેન દોડાવવામાં આવનાર છે. જો કે આ ઘટનાક્રમ વચ્ચે આજે 10 નવેમ્બરના રોજ ઉધના સ્ટેશને 8000 મુસાફરો વતન જવા માટે પહોંચી ગયા હતા. તાત્કાલિક બેરિકેટિંગ કરવાની સાથે તમામ મુસાફરોને હોલ્ડિંગ એરીયામાં મુકવામાં આવ્યા હતા. એ પછી ટીસીની ટીમો ઉતારી

અનુસંધાન પાના ૫ પર

# નાનપુરામાં મૂકબધીર મહિલાની 4 વર્ષની બાળકીના અપહરણના પ્રયાસથી અરેરાટી

**અપહરણકાર** બાળકીને લઈને ભાગ્યો પરંતુ ઠોકર લાગતાં પટકાયો, બાળકીએ રડવાનું શરૂ કરતાં ભાગી છૂટ્યો

**સીસીટીવી** ફૂટેજ અને સ્થાનિકોની માહિતીને આધારે પોલીસે અપહરણકર્તાને દબોચવા ચક્રો ગતિમાન કર્યાં

સુરતઃ નાનપુરાની દોતવાલની ગલીમાં ગત 9મીની મોડી રાત્રે અજાણ્યો શખસ 4 વર્ષની બાળકીને લઈને ભાગવાનો પ્રયાસ કરતો હતો. બાળકી રડવા લાગતા અજાણ્યો બાળકી છોડીને ભાગી જતાં અપહરણનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. અઠવા પોલીસે સીસીટીવીના ફૂટેજને આધારે તપાસ શરૂ કરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ નાનપુરા વિસ્તારની દોતવાલની ગલીમાં ગત 9મીની મધરાત્રે ચાર વર્ષની બાળકીનું અપહરણ કરવાનો પ્રયાસ કરાયો હતો. દોતવાલની ગલીમાંથી એક અજાણ્યા ઈસમે 4 વર્ષની બાળકીને લઈને ભાગવાનું શરૂ કર્યું હતું. જો કે, થોડે દૂર દોડતા દોડતા તે બાળકી સાથે ગુલાંટ ખાઈને નીચે પડી ગયો હતો. તેના હાથમાં રહેલી બાળકી પણ નીચે પડતા બાળકીએ મોટેથી રડવાનું શરૂ કરી દીધું હતું. બાળકીના રડવાના અવાજથી ગભરાયેલો શખસ બાળકીને મૂકીને ઝડપભેર ત્યાંથી નાસી છૂટ્યો હતો.

આ દરમિયાન બાળકીના રડવાના અવાજ સાથે જ ગલીના સ્થાનિક લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. મળતી માહિતી મુજબ ચાર વર્ષની બાળકીની માતા મુકબધીર છે, તેનો લાભ લઈને અજાણ્યા શખસે બાળકીને ઉપાડી જવાનો પ્રયાસ કર્યો હતો.

સમગ્ર ઘટના અંગે પરિવારજનોએ પોલીસને જાણ કરી ન હતી. જો કે,

અનુસંધાન પાના ૫ પર

**હવે ગુંગળામણનો સિલસિલો: જીમ-આગકાંડ અને ઝાંપાબજારના હોલમાં પણ ધુમાડો વિલન હતો**

# સરથાણામાં ઘરમાં આગ લાગતાં ગુંગળામણથી 75 વર્ષીય વૃદ્ધનું મોત

**શોર્ટ** સર્કિટને કારણે સ્વિચબોર્ડથી આગ શરૂ થઈ હતી, વૃદ્ધે બહાર નીકળવા પ્રયાસ કર્યો પરંતુ દરવાજા પાસે જ ઢળી પડ્યા

સુરતઃ સરથાણામાં કિરણ ચોક ખાતે મહાલક્ષ્મી સોસાયટીના મકાનમાં આગ લાગી હતી. આગને કારણે ઘરમાં એકલા વૃદ્ધે બચવાના પ્રયાસ કર્યા હતા, પરંતુ દરવાજા પાસે ગૂંગળામણને કારણે બેભાન થઈ ઢળી પડ્યા હતા અને તેમનું હોસ્પિટલમાં સારવાર મળે એ પહેલા જ મોત થયું હતું. .

પ્રાપ્ત માહિતી મુજબ મૂળ બોટાદ જિલ્લાના ઢસા તાલુકાના વતની 75 વર્ષીય મધુભાઈ નાગજીભાઈ રાજપરા, સરથાણા વિસ્તારમાં કિરણ ચોક પાસેની મહાલક્ષ્મી સોસાયટીમાં એકના એક પુત્ર સાથે રહેતા હતા અને નિવૃત્ત જીવન ગાળતા હતા. તેમનો પુત્ર ડ્રાઈવિંગનું કામ કરે છે. ગઈકાલે બપોરે ત્રણ વાગ્યાના સમયગાળા દરમિયાન વૃદ્ધ મધુભાઈ ઘરમાં એકલા હતા તે દરમિયાન ઈલેક્ટ્રિક સ્વિચ બોર્ડમાં શોર્ટ સર્કિટ થયું હતું, જેને પગલે ઘરમાં આગ ભભૂકી હતી.

આગથી બચવા માટે વૃદ્ધે બહાર નીકળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગના ધુમાડાને કારણે ગૂંગળામણ થવાથી દરવાજા પાસે જ ઢળી પડ્યા હતા. તેમનો પુત્ર તત્કાળ ઘરે આવ્યો હતો અને બેભાન થયેલા પિતાને 108ની મદદથી સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ

અનુસંધાન પાના ૫ પર

# સિટીલાઈટ જીમ-સ્પાના અગ્નિકાંડમાં પોલીસની કામગીરી શંકાના ઘેરામાં, માલિકોના નિવેદનો હજુ સુધી લીધા નથી

**અગાઉના** માલિક ભૂપેન્દ્ર પોપટને બોલાવ્યો હોવાનું પોલીસ રટણ કરી રહી છે અને હાલના માલિક બિલ્ડર અનિલ રૂંગટાને તો હજુ સુધી બોલાવ્યો જ નથી

સુરતઃ સિટીલાઈટ ખાતે શિવપૂજા બિલ્ડિંગમાં આગમાં બે યુવતીના મોતમાં હજુ સુધી પોલીસ મુખ્ય જવાબદારોને પકડી શકી નથી. ઢીલી તપાસ કરતી પોલીસે અત્યાર સુધી માત્ર સંચાલકોને જ બલીનો બકરો બનાવ્યા છે પરંતુ આ મિલકતના અગાઉના માલિક ભૂપેન્દ્ર પોપટ કે હાલના માલિક બિલ્ડર અનિલ રૂંગટાના નિવેદનો પોલીસ લઈ શકી નથી. ઉમરા પોલીસ એવું કહીં રહી છે

અનુસંધાન પાના ૫ પર

**નબળો ધણી બૈરી પર શૂરો, આ છે પૂરાવા**

- ફાયર વિભાગ એક વર્ષ સુધી નોટિસ આપીને બેસી રહ્યું કોઇ કાર્યવાહી નહીં, આ મામલે પોલીસ મગનું નામ મરી પાડી રહી નથી.
- આ આખા કાંડમા ગેરકાયદે બાંધકામ અઠવાઝોન સત્તાધીશોની હદમાં કરાયું ત્યારે આ અધિકારીઓ સામે કાર્યવાહી થાય તેવા કોઇ સંકેત નથી.
- આ ઉપરાંત જો તક્ષશિલામાં મૂળ માલિકે તેની પ્રોપર્ટી પંદર વર્ષ પહેલા વેચી હતી તો પછી આ પ્રોપર્ટીમાં ઓન રેકર્ડ માલિક અને જૂના માલિક સામે શા માટે કોઇ કાર્યવાહી કરાઇ રહી નથી?

**૧૫ દિવસ પહેલા મેં રજા મંજૂર કરાવી હતી; ઘટનાની નિષ્પક્ષ તપાસ થઈ રહી છે: ડીસીપી વિજયસિંહ ગુર્જર**

સુરત : હાલમાં સિટી લાઇટ ખાતે બે યુવતીઓના મોત શિવપૂજા બિલ્ડિંગમાં થયા હતા. ત્યારબાદ આ મામલે ભારે વિવાદ છેડાયો છે ત્યારે ડીસીપી વિજયસિંહ ગુર્જર રજા પર અચાનક ઉતરી ગયા હોવાના અહેવાલ મામલે વિજયસિંહ ગુર્જરે ગુજરાતમિત્રને જણાવ્યુંકે તેઓએ વાસ્તવમાં પંદર દિવસ પહેલા તેમના ખૂબ નિકટના ...અનુસંધાન પાના 5 પર

**રાજકીય દબાણોની સામે પોલીસનું વલણ ઠંડુ હોવાની વાત**

બે યુવતીઓના મોત બાદ એવું કહેવાય છે કે પોલીસે ૯ દિવસના રિમાન્ડ માંગ્યા પરંતુ કોર્ટે તે ગ્રાહ્ય રાખ્યા નથી.

અનુસંધાન પાના ૫ પર

**સુરત સહિત 6 એરપોર્ટનાં ખાનગીકરણની દરખાસ્ત 2025-26નાં કેન્દ્રીય બજેટમાં આવી શકે**

# આગામી વર્ષમાં સુરત એરપોર્ટના ખાનગીકરણની ફરી આશા જાગી

**ભુવનેશ્વર,** વારાણસી, અમૃતસર, ત્રિરૂચિરાપલ્લી, ઇન્દોર, રાયપુર એરપોર્ટ 2021-22માં અને સુરત, જોધપુર, નાગપુર, રાંચી, કેલિકટ, મદુરાઇ, પટનાનું ખાનગીકરણ 2023-24માં કરવાનો લક્ષ્યાંક હતો

**2024ની** લોકસભાની ચૂંટણી દરમિયાન વિપક્ષ દ્વારા રાજકીય મુદ્દો બનાવી દેવામાં આવતા અટકી પડેલી નેશનલ મોનેટાઈઝેશન પાઇપલાઇન સ્કીમ ફરી અમલમાં આવશે

**ખાનગીકરણ માટે સૌથી ઓછી કિંમત સુરત અને જોધપુર એરપોર્ટની આંકવામાં આવી**

એરપોર્ટનાં ખાનગીકરણની યોજના હતી.જેમાં ભુવનેશ્વર માટે એસ્ટીમેટ કેપેક્સ 900 કરોડ, વારાણસી માટે 500 કરોડ, અમૃતસર 500 કરોડ, ત્રિચી 700 કરોડ,ઈન્દોર 400 કરોડ, રાયપુર 600 કરોડ જ્યારે નાણાકીય વર્ષ 23 માં 8 એરપોર્ટ ખાનગીકરણમાં શામેલ હતા. જેમાં કાલિકટ માટે એસ્ટીમેટ કેપેક્સ 562 કરોડ, કોઈમ્બતુર 500 કરોડ, નાગપુર 400 કરોડ, પટના 1000 કરોડ, મદુરાઈ 694 કરોડ, સુરત 301 કરોડ, રાંચી 708 કરોડ અને જોધપુર 130ની એસ્ટીમેટ કેપેક્સ કિંમત આંકવામાં આવી હતી. સૌથી ઓછી કિંમત સુરત અને જોધપુર એરપોર્ટની આંકવામાં આવી હતી. "અદાણી એરપોર્ટની FY24 આવક રૂ. 8,062 કરોડ એટલે કે 35% વધુ રહી છે. કંપની અમદાવાદ, લખનૌ, મેંગલોર, જયપુર, ગુવાહાટી, તિરુવનંતપુરમ અને મુંબઈ એરપોર્ટનું સંચાલન અને સંચાલન વિકાસ કરે છે. 6 એરપોર્ટનાં ખાનગીકરણ પછી યોજના આયોગે 2021-22માં નેશનલ મોનેટાઈઝેશન પાઇપલાઇન સ્કીમ જાહેર કરી હતી.

સુરતઃ 2024ની લોકસભા ચૂંટણીમાં વિપક્ષ દ્વારા રાજકીય મુદ્દો બનાવી દેવામાં આવ્યા બાદ કેન્દ્રની મોદી સરકારે નેશનલ મોનેટાઈઝેશન પાઇપલાઇન સ્કીમનાં ફેસ -2 અને ફેસ - 3ને અટકાવી દીધી હતી. પણ FY 22માં 6 એરપોર્ટનાં ખાનગીકરણની પ્રક્રિયા શરૂ નહીં થતાં સુરત એરપોર્ટનો વારો વિલંબમાં મૂક્યો હતો. ભુવનેશ્વર, વારાણસી, અમૃતસર, ત્રિરૂચિરાપલ્લી, ઇન્દોર, રાયપુર એરપોર્ટ 2021-22માં અને સુરત, જોધપુર, નાગપુર, રાંચી, કેલિકટ, મદુરાઇ, પટનાનું ખાનગીકરણ 2023-24માં કરવાનો લક્ષ્યાંક હતો. પણ કેન્દ્ર સરકારે હવે આ યોજનામાં આગળ વધવાનું નક્કી કર્યું હોવાનું જણાઇ રહ્યું છે.

એરપોર્ટ ખાનગીકરણની યોજના બજેટ 2025 પછી સાકાર થવાની સંભાવના છે. કેન્દ્ર

અનુસંધાન પાના ૫ પર

**ત્રણ માનવ જિંદગીને જીવતી ભૂંજી નાખનારા અગ્નિકાંડમાં પોલીસ તપાસનો ધમધમાટ**

# બીલીમોરા અગ્નિકાંડ માટે ચીખલીના પિતા-પુત્ર અને મૃતક મેનેજર સામે પોલીસે ગુનો નોંધ્યો

**થીનર** ભરેલા ડ્રમની હેરફેર નિયમ વિરુદ્ધ હોવા છતાં ત્રણેયના મેળાપીપણામાં ડ્રમ લવાયા હતાં

**લીકેજ** ડ્રમ દીવાલ પાસે મુક્યું, પ્રસરેલું થીનર સ્ટીલના કારખાના સુધી પહોંચ્યું અને ગ્રાઈન્ડિંગનો તણખો ઝરતાં આગ ફાટી નીકળી હતી

બીલીમોરાઃ બીલીમોરાના દેવસરમાં લાગેલી ભીષણ આગમાં નવો ખુલાસો થયો છે. ચીખલીના પિતા પુત્રએ જ્વલનશીલ જીપી થીનર ભરેલા કેમિકલના ડ્રમ

અનુસંધાન પાના ૫ પર

**ટ્રાન્સપોર્ટમાં બુક કરાવેલા ડ્રમમાં લીકેજ થતા આગ લાગી હતી**

ફરિયાદી મુકેશ રાઠોડે પોલીસને જણાવ્યું હતું કે અર્જુન સોહનભાઈ વિરવાલ અને તેના પિતા સોંહનલાલ વીરવાલે કેમિકલથી ભરેલા ડ્રમ ક્યાંકથી લાવીને કોઈક સ્થળે મોકલવા માટે જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટમાં બુક કરાવ્યા હતા. જે ડ્રમમાં લીકેજ થવાને કારણે આગ લાગી હતી.

**પોલીસે ડીટેઇન કરેલા પિતા પુત્રનો ગુનાહિત ઇતિહાસ**

ડીવાયએસપી ભગીરથસિંહ ગોહિલે જણાવ્યું હતું કે કેમિકલની હેરાફેરી માટે ચીખલીના અર્જુન સોહનલાલ અને તેના પિતા સોહનલાલે જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટમાં 8 જેટલા ડ્રમ રાજસ્થાનના ચિતોડગઢ મોકલવા બુક કરાવ્યા હતા. જો કે તેમણે આ અગ્નિકાંડમાં માર્યા ગયેલા ટ્રાન્સપોર્ટ કંપનીના મેનેજર અનુપસિંહ નુનિયાની પણ સંડોવણી હોવાનું કહી જણાવ્યું હતું કે મેનેજર પોતે જાણતા હોવા છતાં કે આ કેમિકલની હેરાફેરી માટે કડક નિયમો હોવા છતાં મેળાપીપળામાં આર્થિક લાભ માટે કૃત્ય કરવા બદલ પોલીસે સ્વ. અનુપસિંહ નુનિયા સાથે અર્જુન વિરવાલ અને તેના પિતા સોહનલાલ વિરવાળ સામે ફરિયાદ નોંધી છે. આ પહેલા પણ તેઓની સામે વર્ષ 2014-18 અને 23 માં 407 મુજબ ગુનો દાખલ થયેલો છે. બંને પિતા પુત્ર ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. જેઓને પોલીસે ડીટેઇન કર્યા છે. બંનેની પૂછપરછમાં આ કેમિકલ ક્યાંથી લાવ્યા તેની જાણકારી પોલીસ મેળવશે. તે સાથે તપાસ દરમિયાન આ અગ્નિકાંડમા જે વધુ નામો ખુલશે તેની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.



# ઝઘડિયાના માંડવી ગામે ખેતર ખેડતા જમીનમાંથી ઢગલાબંધ શંખ મળી આવ્યા

**લોકોમાં** કુતૂહલ, આટલી મોટી સંખ્યામાં શંખ આવ્યા ક્યાંથી? તપાસનો વિષય

ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયાના માંડવી ગામે એક ખેતરમાંથી મોટી સંખ્યામાં શંખ મળી આવતા ભારે કુતુહલ સર્જાયું હતું.

મળતી માહિતી મુજબ કોલયાપાડા ગામના ખેડૂત નારાયણભાઈ રમેશભાઈ વસાવાના ખેતરમાં દબાયેલા શંખ મોટી સંખ્યામાં મળી આવ્યા હતા, ખેડૂત જ્યારે પોતાનું ખેતર ટ્રેક્ટર દ્વારા ખેડી રહ્યો હતો અને ખેતી માટે ખેતર તૈયાર કરી રહ્યો હતો. તે સમયે ખેડાણ કરતી વખતે ખેતરમાં શંખ નજરે પડતા ખેડૂત ભારે અચરજમાં મુકાઈ ગયો હતો. ત્યારબાદ તે જગ્યા પર વધુ ખોદકામ કરતાં મોટી સંખ્યામાં શંખ જમીનમાં દટાયેલા મળી આવ્યા હતા. જે બાદ ખેડૂત દ્વારા શંખનો એક ઢગલો કરી તેના ઉપર ફૂલ ચડાવી ખેડૂતે પૂજન અર્ચન કર્યું હતું.

આ વાત વાયુ વેગે પ્રસરતા ઘણા લોકો આ સ્થળ પર દોડી આવ્યા હતા અને મોટી સંખ્યા જમીનમાં દટાયેલા

અનુસંધાન પાના ૫ પર

# લઘુત્તમ તાપમાન 1.2 ડિગ્રી ઘટીને 21.8 થતાં આહલાદક ઠંડીનો અનુભવ

સુરતઃ શહેરમાં આજે મહત્તમ તાપમાન ગઈકાલ જેટલું યથાવત રહેતા દિવસે ગરમી અનુભવાઈ હતી. જો કે રાત્રે લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવા સાથે હળવી ઠંડીનો અનુભવ થયો હતો.

આજે શહેરમાં મહત્તમ તાપમાન ગઈકાલ જેટલું જ 35.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 1.2 ડિગ્રીના ઘટાડા સાથે 21.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાતાં વહેલી સવારે લોકોએ હળવી ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ 71 ટકા, જ્યારે બપોરે તે ઘટીને 34 ટકા જેટલું નોંધાયું હતું. પવનો મંદ ગતિના રહ્યાં હતાં, અલબત્ત રાત્રે અને વહેલી સવારે

અનુસંધાન પાના ૫ પર


ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. કશીશ (કુશ) હર્ષદભાઈ પટેલ
સ્વ.તાઃ ૦૭/૧૧/૨૦૨૪
આંખો હજી નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,
સ્મરણ થાય ત્યારે મન મુકીને રડાવે છે અમને, કલ્પી ન શકાય એવી
અચાનક લીધી વિદાઈ મન હજુ માનતુ નથી કે આપ અમારી વચ્ચે નથી,
ઉદય એનો અસ્ત આ સનાતન સત્ય હોવા છતા કેટલાક મૃત્યુ
એવા હોય છે જે કદી વિસરાતા નથી...
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.
લિ.
ચીમનભાઈ ભાણાભાઈ પટેલ(નાના) | અરવિંદભાઈ ભાણાભાઈ પટેલ(નાના)
ધનસુખભાઈ(બાબુભાઈ) ભાણાભાઈ પટેલ(નાના) | સુખીબેન ધનસુખભાઈ પટેલ(નાની)
પરેશભાઈ(મકનભાઈ) ધનસુખભાઈ પટેલ(મામા) | પ્રીટીબેન પરેશભાઈ પટેલ(મામી)
સંદીપભાઈ ધનસુખભાઈ પટેલ(મામા) | રીમ્પલબેન સંદીપભાઈ પટેલ(મામી)
મયંક રમેશભાઈ પટેલ(બનેવી) | દ્રષ્ટિ મયંક પટેલ(બેન)
દીપ, નૈતિક, જશ, મિશિલ તથા સમસ્ત પરિવાર
સ્થળ : દાદાની કૃપા, દરજી મોહલ્લો, મગદલ્લા, સુરત.



ભાવભરી શ્રદ્ધાંજલિ



સ્વ. ડાહીબેન
ગાંડાભાઈ ભાવનગરી
સ્વ. તા. ૧૧-૧૧-૧૯૯૯
સદાય અમારા હૃદયમાં વસો છો તમે, તમારી
ખોટ ક્યારેય પુરાશે નહીં
પરમ કૃપાળું પરમાત્મા આપના દિવ્ય
આત્માને ચિરસ્થાયી શાંતિ અર્પે એજ
પ્રાર્થના.
લિ.
રૂપલ સુગંધી | બાલાજી સુગંધી
હર્ષ સુગંધી | હરિઓમ પરફ્યુમ
ભાવનગરી પરિવાર- અત્તરવાલા પરિવાર,



પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. મંછીબેન
મીઠાભાઈ આહિર
સ્વર્ગવાસ તા. ૧૧/૧૧/૨૦૨૩
સ્થળ : રાયમ (તા. બારડોલી)
રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,
પળભરમાં છેતરી ગયા અમને, માત્ર યાદગીરીના પુષ્પો અને
વહેતા આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે તે જ પ્રાર્થના...
લિ.
મીઠાભાઈ ભાણાભાઈ આહિર
અનિલકુમાર મીઠાભાઈ આહિર
નિલમબેન અનિલકુમાર આહિર
દિયા, આરવ



શ્રધ્ધાંજલી



સ્વ. કશીશ ઉર્ફે કુશ હર્ષદભાઈ પટેલ
સ્વ તા. ૦૭/૧૧/૨૦૨૪.
રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તારી,
નાની ઉંમરે તારી અણધારી વિદાય અમો સર્વેના કાળજા કંપાવી ગઈ,
મન હજુ માનતું નથી કે તું અમારી વચ્ચે નથી.
Miss u Yaaraa
પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના
લિ.
અતુલભાઈ જેરામભાઈ પટેલ | જયેશભાઈ ચંપકભાઈ પટેલ
અક્ષય અતુલભાઈ પટેલ | ક્રિશ અતુલભાઈ પટેલ
યશ જયેશભાઈ પટેલ | પ્રથમ અતુલભાઈ પટેલ
જૈનમ કમલેશભાઈ સંઘવી | સિધ્ધ હિતેશભાઈ શાહ
પ્રથમ કમલેશભાઈ શાહ (ગોમી) | કૈયુર ભાણાભાઈ પટેલ
દર્શન કમલેશભાઈ મોદી | રાજ નિલયભાઈ પટેલ
કેમી દિપકભાઈ પટેલ



વ્હાલા મિત્રને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સ્વ. કશીશ ઉર્ફે કુશ હર્ષદભાઈ પટેલ
સ્વ. તા. ૦૭/૧૧/૨૦૨૪
લાગે છે એવું કે હજી તું સાથે જ છે...
હે પ્રિય મિત્ર, તારી અકાળ વિદાયથી અમારા સૌના હૃદયમાં
શૂન્યવકાશ સર્જાય ગયો, તારો સદાય હસતો ચહેરો અને
હસમુખો સ્વભાવ યાદ રહશે.
દિલ માનતુ નથી કે તું અમારી વચ્ચે નથી.
આવા દરિયા દિલ દોસ્તની ખોટ કાયમ વર્તાશે.
પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ આપે એવી અમારી પ્રાર્થના...
લિ.
અક્ષય,આયુષ,પ્રગ્નેશ(બોબી),ભાર્ગવ,દીપ,રોનિલ,ફેનિલ,નિલય
ઝેનિથ,મિહિર,કેયુર,મલય,ચિરાગ,ઋષિર્ક



ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. કશીશ (કુશ) હર્ષદભાઈ પટેલ
સ્વ.તાઃ ૦૭/૧૧/૨૦૨૪
સમય પહેલા સુર્ય અસ્ત થયો, જાણે ક્ષણવારમાં અંધકાર છવાઈ ગયો,
અણધારી વિદાય લઈને તમે પ્રભુમાં સમાઈ ગયા તમારી યાદ સદાય
ફૂલોની જેમ મહેંકતી રહશે,
પ્રભુ તમારા દિવ્યાત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.
લિ.
રમેશભાઈ લલ્લુભાઈ પટેલ | મધુબેન રમેશભાઈ પટેલ
મયંક રમેશભાઈ પટેલ(જીજાજી) | દ્રષ્ટિ મયંક પટેલ(બહેન)
રોશન બિપીનભાઈ પટેલ | જૈમીની રોશન પટેલ
મિશિલ મયંક પટેલ | ડો. અવની રમેશભાઈ પટેલ
સ્થળ : રવિનગર સોસાયટી, ભરથાણા, સુરત.